**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

**પ્રશ્નપત્ર - ૧**

**(સમય : સવારે ૯ થી૧૨)** **રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨** **કુલ ગુણ : ૧૦૦**

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. અંતઃકરણનો વાંક કેટલો છે ? (પ્ર.૧૮/૨૪)

જ. 'ભગવાન મળ્યા છે તે હવે કાંઈ કરવું રહ્યું નથી,' એવું ગાફલપણું રહે છે એટલો જ અંતઃકરણનો વાંક છે.

૨. અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપો જણાવો. (પ્ર.૨૧/૩૩)

જ. અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપો છે. (૧) નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ. (૨) બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે.

૩. શ્રીજીમહારાજ ક્યાં જઈને, કઈ મૂર્તિમાં રહીને, પૂજારીનો ભક્તિભાવ અને છળકપટ દેખતા ? (પ્ર ૬૮/૧૩૩-૧૩૪)

જ. શ્રીજીમહારાજ પુરુષોત્તમપુરી જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિમાં રહીને પૂજારીનો ભક્તિભાવ અને છળકપટ દેખતા.

૪. મોટો અપરાધ કયો છે ? (પ્ર.૭૧/૧૪૨)

જ. ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. વચ. ગ.પ્ર. ૩૭માં શ્રીજીમહારાજે ભક્તને આપેલ અગિયાર પદવીમાંથી કોઈપણ પાંચ લખો. (પ્ર.૩૭/૬૫)

જ. (૧) એને માથે કાળનો હુકમ નથી. (૨) એને માથે કર્મનો હુકમ નથી. (૩) એને માથે માયાનો હુકમ નથી. (૪) તેને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે. (૫) તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ. (૬) તેને દુખવતા થકા મનમાં બીએ છીએ. (૭) તેના દર્શનને પણ ઇચ્છીએ છીએ. (૮) નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઇચ્છે એવા ડાહ્યા છે. (૯) ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહ મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. (૧૦) તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે. (૧૧) એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.

૨. ક્યાં સુધી એવું સાધુપણું આવતું નથી ? (પ્ર.૪૪/૮૩)

જ. જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વ સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી.

૩. વચ.પં.૭માં જણાવેલ ભગવાનના સ્વરૂપને જાણવાની મહત્તા અને ભગવાનના નિશ્ચય વગર આવતી ખોટ. (પં.૭/૩૪૭)

જ. જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત્ કોઈ એક કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો

પણ તેનું કલ્યાણ થાય. અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.

૪. માન-ઈર્ષ્યાદિક દોષો ટાળવાના ઉપાય લખો. (પં.૩/૩૨૮)

જ. જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, ''મારામાં આટલો અવગુણ છે,' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાંખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને, માટે એમાં માન, ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહિ.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **લીંબુની ખટાઈનું દૃષ્ટાંત (ગ.પ્ર.૨૪/૩૮)**

**દૃષ્ટાંત :** જેમ લીંબુની એક ચિર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય પણ હળવા હળવા ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહીં ને મગનો દાણો પરાણે પરાણે ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહિ. તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દસ ઇન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે, ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.

**સિદ્ધાંતઃ** લીંબુની ખટાશથી દાંત અંબાઇ જાય છે અને રાંધેલો ભાત કે જે ચાવવામાં તદ્દન સરળ છે. છતાં ચવાતો નથી. તેમ ભગવાનનું મહાત્મ્ય જેવું છે. તેવું સમજાય તો ચાર અંતઃકરણ અને દસ ઇન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વ અંબાઇ જાય ત્યારે તે વિષયના માર્ગે જઈ શકતી નથી.

૨. **તીર અને તેનું ફળ (સા.૭/૧૯૧) દૃષ્ટાંત :** જેમ અતિ તીખી અણીવાળું બાણ હોય, તે જે પદાર્થમાં ચોંટાડે તે પદાર્થને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે અને પાછું કાઢ્યું પણ નીસરે નહીં, અને તેના તે બાણમાંથી ફળ કાઢી લીધું હોય ને પછી થોથું રહ્યું હોય તેનો ભીંતમાં ઘા કરે તો ત્યાંથી ઉથડકીને પાછું પડે છે, પણ જેમ ફળ સોતું ભીંતને વિષે ચોંટી જાય છે તેમ ચોંટે નહીં. તેમ જ્યારે મનોમય ચક્રની ધારા જે ઇન્દ્રિયો તે બૂઠિયો થઈ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઇન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહીં અને થોથાની પેઠે ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે, એવું વર્તાય ત્યારે જાણીએ જે મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ.

**સિદ્ધાંતઃ** અણી વગરનું બાણ પદાર્થમાં ચોટતું નથી. તેમ જ્યારે ઇન્દ્રિયો બૂઠિયો થઈ જાય તો વિષયમાં જાય નહિ. તે ઇન્દ્રિયો ક્યારે બૂઠિયો થઈ જાય ? જ્યારે સંતનો સમાગમ મળે ત્યારે.

૩. **સિંહ અને બકરીનું દૃષ્ટાંત (પ્ર.૧૮/૨૭-૨૮) દૃષ્ટાંત :** જો કોઈ અમારો વાદ લેશો તો તેનું તો જરૂર ભૂંડું થાશે, કાં જે, અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે અને હું તો અનાદિ મુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો. અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું, જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું અને બીજાને તો એ અંતઃકરણ દેખ્યામાં પણ આવતાં નથી. માટે અમારો વાદ લઈને જાણે જે ઉપાધિમાં રહીને શુદ્ધપણે રહીશું, તે તો નારદ-સનકાદિક જેવો હોય તેથી પણ રહેવાય નહીં.

**સિદ્ધાંત :** બકરીને પકડવાનું સિંહને માટે સહેલું છે. તેમ મહારાજને પણ અંતઃકરણ પકડવું એટલું સહેલું છે. જ્યારે ઉપાધિમાં રહીને બીજા કોઈથી આ શક્ય નથી. સ્વયં પુરુષોત્તમ નારાયણ છે. તેથી અંતઃકરણ જોઈ પણ શકે છે અને પકડી પણ શકે છે.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

૧. **ગાડીના પૈડામાંથી એક પણ પૈડું ન હોય તો ન ચાલે. (પ્ર.૧૯/૨૯)**

**સંદર્ભ :** આ સત્સંગને વિષે પોતાના આત્યંતિક કલ્યાણને ઇચ્છતો એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠાએ કરીને જ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી તથા એકલી પ્રીતિ જે પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી, તે માટે એ આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તે સિદ્ધ કરવા.

**સમજૂતિ :** આત્યંતિક કલ્યાણ કરવા માટે આત્મનિષ્ઠા, પ્રીતિ, વૈરાગ્ય અને સ્વધર્મ આ ચાર ગુણ એક સરખા હોવા જરૂરી છે. જેમ ચાર પૈડાવાળી ગાડીમાં જો એક પણ પૈડું ઓછું હોય અથવા નાનું મોટું હોય તો તે ગાડી ચાલતી નથી. તે આ ચાર ગુણમાંથી જો કોઈ એક ગુણની ન્યૂનતા હોય તો આત્યંતિક કલ્યાણ થતું નથી.

૨. **પરમ પૂજ્ય સ્વામીશ્રીને ભક્તચિંતામણિ આદિ શાસ્ત્રશ્રવણ અત્યંત પ્રિય છે. (પ્ર.૪૭/૯૦)**

**સંદર્ભ :** તે ભક્તને ભગવાનનાં જે મનુષ્યચરિત્ર તેના શ્રવણને વિષે અતિશય રુચિ વર્તે તથા ભગવાનની મૂર્તિના નિરૂપણને કરનારું જે શાસ્ત્ર તેને વિષે અતિશય રુચિ વર્તે.

**સમજૂતિ :** સ્વામીશ્રીમાં ભક્તિનિષ્ઠા પ્રધાન છે. ભગવાનના સ્વરૂપને વિષે અતિશય રુચિ વર્તે છે. માટે ભગવાનના ચરિત્રરૂપિ શાસ્ત્રશ્રવણ અત્યંત પ્રિય છે.

૩. **ગોરધનભાઈ સાકર અને મીઠું બન્ને જમી ગયા. (પ્ર.૨૭/૪૬, ૬૦/૧૧૧)**

**સંદર્ભ :** (૧) જે ચાયે કોઈ મારી ઉપર ધૂડ નાંખો, ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે;' તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે. (૨) જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય તેણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે.

**સમજૂતિ :** બંને વચનામૃત અનુસાર જેને પંચવિષયમાં સમબુદ્ધિ થઈ જાય છે. તેને કોઈ ફરક જણાતો નથી. તેને ભગવાનની મૂર્તિનો જ સ્વાદ હોય છે. ગોરધનભાઈને પણ સમબુદ્ધિ થઈ ગઈ હોવાથી તેઓ સાકર અને મીઠું એક જ ભાવથી જમી ગયા.

૪. **ભાવનગરમાં યોગીજી મહારાજે ધરાવેલ થાળમાંથી ઘણી વાનગીઓ ઠાકોરજી જમી ગયા. (પ્ર.૬૮/૧૩૪)**

**સંદર્ભ :** વચ. પ્ર.૬૮ પ્રમાણે શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા. માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઇચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે.

**સમજૂતિઃ** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર હતા તો થાંભલામાં પ્રવેશ કરી હલાવી શક્યા અને બીજા અહં બ્રહ્માસ્મિવાળા ખોટા બ્રહ્મ હતા તો થાંભલાને હલતો બંધ કરી ન શક્યા.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧ 'મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દસ ઇન્દ્રિયો છે એમ જાણવું. અને તે ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન-દિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.' (સારંગ. ૭/૧૯૦) (૨૮)

૨ 'સત્સંગ થયા મોરે તો ગમે તેવો કુપાત્ર જીવ હોય તોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો પણ સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે તો બાઈ અથવા ભાઈ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય.' (ગ.પ્ર. ૧૮/૨૭) (૪)

૩ 'માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.' એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.' (ગ.પ્ર. ૨૧/૩૩-૩૪) (૧૨)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ નવી આવૃત્તિના આધારે**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. બાળ ઘનશ્યામની વિદ્વત-પ્રતિભા**

૧. અધ્યયનનો આરંભ-વિદ્યાગુરુ શ્રી હૃદયરામનો ઘનશ્યામ માટેનો અભિપ્રાય સત્ય. ૧/૪૪
૨. વિદ્યા વ્યાસંગી ઘનશ્યામ. ચાર વેદ, ષડદર્શન, શ્રીમદ્ ભાગવત, મહાભારત વગેરેનો સંપૂર્ણ અભ્યાસ. ૧/૭૫
૩. શાસ્ત્રોના સારરૂપ ગુટકો બનાવ્યો. ૧/૭૭
૪. અયોધ્યાના છાત્રો પર ઘનશ્યામની છાપ ૧/૭૭
૫. કાશીની વિદ્વતસભામાં દિગ્વિજય. ૧/૭૯-૮૨
૬. ભક્તિમાતાને અંત સમયે આપેલ દિવ્ય જ્ઞાનમાં પણ ઘનશ્યામની વિદ્વતાના દર્શન. ૧/૮૪-૮૫

**૨. નીલકંઠયાત્રાનો હેતુ**

૧. લોધેશ્વરમાં ભાવિકોને ઉપદેશ કરી સંસાર સાગર તરવાનો ઉપાય બતાવ્યો. ૧/૧૦૭
૨. પથેપુરમાં મુમુક્ષુઓને ઉપદેશ આપી પોતાના સંબંધથી ભવબંધનમાંથી છોડાવતા. ૧/૧૦૭-૧૦૮
૩. ખેરિલાપુરમાં નૈમિષારણ્ય સરોવરને કાંઠે તપ કરતાં ઋષિઓને તપશ્ચર્યાના ફળરૂપે દર્શન દીધા. ૧/૧૦૮
૪. શ્રીપુરના મઠની બહાર રાત્રે આવેલા કેસરી સિંહનું કરેલું કલ્યાણ. ૧/૧૧૮
૫. માન સરોવરના હંસોને પાંચ દિવસ સુખ આપી, પશ્ચિમમાં આવવાનો આદેશ આપી કરેલું કલ્યાણ. ૧/૧૩૦
૬. પંજાબના રાજા રણજિતસિંહને હરિદ્વારમાં હરકી પેડી પર આપેલો ઉપદેશ અને આશીર્વાદ. ૧/૧૩૧-૧૩૨
૭. હરૈયા ગામે હલવૈની વૃદ્ધ માને ચતુર્ભૂજ સ્વરૂપે દર્શન આપી કલ્યાણ કર્યું. ૧/૧૩૬
૮. વંશીપુરના રાજા, રાણી અને કુંવરીઓ ઈલા અને સુશીલાનું કરેલું કલ્યાણ. નીલકંઠના ઉપદેશથી રાણીને થયેલી બ્રહ્મની અનુભૂતિ. ૧/૧૩૮
૯. કઠારી તોડીને મોહનદાસના મોહનો ભંગ કરી પોતાનામાં વૃત્તિ જોડી. ૧/૧૬૦-૧૬૧
૧૦. ગોપાળયોગી પાસે શંખનાદ કરાવી ગોવાળોના ગાયોની રક્ષા કરી. ગોપ બાળકોમાં પોતાના તરફ ભક્તિભાવ પ્રગટ કરાવ્યો. ૧/૧૭૩
૧૧. ગોપાળયોગીને દેહભાવની વિસ્મૃતિ કરાવી પોતાનામાં વૃતિ સ્થિર કરાવી દેહત્યાગ કરાવી કલ્યાણ કર્યું. ૧/૧૭૪

૧૨. ઉત્તર કાશીમાં (પોખરામાં) મુમુક્ષુ પંડિતને અભયદાન આપ્યું. ૧/૧૭૫
૧૩. આદિવારાહ તીર્થમાં પુરજનોની મુમુક્ષુતા જોઈ નીલકંઠે મનુષ્યના ધર્મ સમજાવ્યા. ૧/૧૮૦
૧૪. સિદ્ધવલ્લભ રાજાને સર્વોપરિ પુરુષોત્તમ નારાયણનું નીલકંઠના સ્વરૂપમાં દર્શન. ૧/૧૮૪
૧૫. બંગાળના સિરપુરના રાજા સિદ્ધવલ્લભને ઉપદેશ. ૧/૧૮૭
૧૬. નવલાખ યોગીઓનું કલ્યાણ. ૧/૧૯૯-૨૦૦
૧૭. જાંબુવાનને દર્શન દઈને કરેલું કલ્યાણ. ૧/૨૦૬
૧૮. જંગલમાં આવેલો અવેડો જયરામદાસ પાસે ભરાવી તેમાં પોતાનો પગ બોળી ઘેરો સાદ કર્યો. વન્ય પ્રાણીઓએ આવીને પાણી પીધું. આમ તેમનું કલ્યાણ કર્યું. ૧/૨૧૦
૧૯. માલ્યવાન પર્વત (સ્ફટિકશીલા) ઉપર રહેતા સર્પોના સમૂહને નિર્વિષ બનાવી કલ્યાણ કર્યું. ૧/૨૪૪
૨૦. નાવલી ગામના લાલદાસ તથા તેના કુટુંબના મોક્ષ માટે આશીર્વાદ. ૧/૨૬૨-૨૬૩
૨૧. જોબનપગીના કલ્યાણનો હેતુ. ૧/૨૬૬-૨૬૭
૨૨. બોચાસણમાં કાશીદાસ પટેલ સાથે ભાગવત ધર્મના પ્રસારણનો હેતુ. ૧/૨૬૯
૨૩. બુધેજ ખોડાભાઈના દરબારમાં દાસીના તિરસ્કાર સાથે પણ જુવારનું સદાવ્રત લઈ બે દાણા મોંમાં નાખી રાજા-પ્રજાનું કલ્યાણ કર્યું. બાકીની જુવાર પારેવાને નાંખી તેમનું કલ્યાણ કર્યું. ૧/૨૭૫-૨૭૬
૨૪. ગોરાસુમાં માતાના મંદિરના મહંત ગોંસાઈ સેવાગરને મોક્ષની વાત કરી તેનું અંતરતલ જગાડી દીધું. ૧/૨૮૨
૨૫. પોલારપુરમાં કણબી જેઠા બનાણીની માતાના કારજની સુખડી જમી કલ્યાણ કર્યું. પીતાં વધેલું પાણી કૂવામાં નાખી કૂવો તીર્થરૂપ બનાવી અનંતનું કલ્યાણ કર્યું. ૧/૨૮૩
૨૬. કુક્કડ ગામના દરબાર ભગવાનસિંહને પ્રસાદી જમાડી બુદ્ધિની જડતા કાઢી નાખી તેમનું કલ્યાણ કર્યું. ૧/૨૮૬
૨૭. દીહોરના મૂળજી ભાવસારની સેવાનો સ્વીકાર કરી માતા-પુત્ર બંનેનું કલ્યાણ કર્યું. ૧/૨૮૬-૨૮૭
૨૮. પીપરલામાં તીર્થવાસીઓને જમાડતા વિપ્રને ઘેર જમતાં જમતાં મુખમાં ચૌદ લોક સહિત બ્રહ્માંડ, કૈલાસ અને વૈકુંઠના દર્શન કરાવી કલ્યાણ કર્યું. ૧/૨૮૮-૨૮૯
૨૯. મોટા ગોપનાથના શીવ મંદિરના મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારીની સેવા સ્વીકારી તેમને શુદ્ધ આનંદ સ્વરૂપ આત્માની અનુભૂતિ કરાવી કલ્યાણ કર્યું. ૧/૨૮૯
૩૦. ગોપનાથ મહાદેવને દૂધ ચડાવવા આવતા પીથલપરના જાનબાઈનું દૂધ અંગીકાર કરી કલ્યાણ કર્યું. ૧/૨૯૦
૩૧. રાજપટળે ગામમાં રોહણના ઝાડ નીચે બીરાજી ઝાડને અક્ષર મુક્તની પંક્તિમાં બેસાડ્યું. ૧/૨૯૩
૩૨. રામપરામાં ખીજડાની દરિદ્રતાથી દ્રવી જઈ તેનું કલ્યાણ કરવા તેને દૃષ્ટિમાં લીધો. ૧/૨૯૪
૩૩. સામતેજ ગામે લોભી વણિકનો લોભ ટાળવા વર્ણી કઠણ થયા અને આજીવિકા પૂરતું ધન આપ્યું અને સેવાના ફળરૂપે સર્વોપરિ અક્ષરધામ આપ્યું. ૧/૨૯૬
૩૪. લખુ ચારણના જ્ઞાનના અહંને ઓગાળી અને અવિચળ પદ આપ્યું. ૧/૨૯૮-૨૯૯
૩૫. પ્રભાસ પાટણમાં વિપ્રને ‘અમે જીવોને ન્યાલ કરવા જ પ્રગટ થયા છીએ.’ ૧/૩૦૦-૩૦૧
૩૬. દતાત્રેયની ટૂંકે તપસ્વીને ‘આ મૂર્તિ અંતરમાં ઉતારી દેજો. અક્ષરધામની પ્રાપ્તિ થશે.’ ૧/૩૦૪
૩૭. નીલકંઠની યાત્રાનો મુખ્ય હેતુ પોતાની મોક્ષપ્રદ લીલાના વિસ્તારનું અંતિમ સ્થાન - લોજપુર - અગણિત મુમુક્ષુઓના કલ્યાણનું અંતિમ ચરણ. ૧/૩૧૨

**૩. રઘુનાથદાસની ઉપાધિ અને તેનું સમાધાન**

૧. રામાનંદ સ્વામીના ધામગમનથી રઘુનાથદાસ આનંદમાં. ૧/૩૮૬
૨. માણાવદરમાં રામાનંદ સ્વામીએ તેમનું સર્વ ઐશ્વર્ય પોતાને આપ્યું છે તેવો યુક્તિપૂર્વકનો પ્રચાર. ૧/૩૯૬
૩. સ્વામી રામચરણદાસે શ્રીહરિને રઘુનાથદાસને સત્સંગમાં વિશેષ બગાડ ન કરે માટે કાઢી મૂકવા કરેલી વિનંતી. ૧/૩૯૬

૪. માણાવદરમાં જાદવજી શેઠે મહારાજને ઓઢાડેલો કિંમતી ધોતી જોટો - રઘુનાથદાસની ઈર્ષા. ૧/૪૦૮

૫. શ્રીહરિએ રઘુનાથદાસને શ્રીનગર (અમદાવાદ) જવા માટે મૂકેલો પ્રસ્તાવ - શ્રીનગર જવા માટે તૈયાર થયેલા રઘુનાથદાસ. ૧/૪૦૯

૬. માંગરોળ જન્માષ્ટમીના સમૈયે આવેલા અમદાવાદના હરિભક્તોએ રઘુનાથદાસે ફેલાવેલા અસદ્‌ભાવની વાત કરી. ૧/૪૨૦-૪૨૧

૭. શ્રીહરિની આજ્ઞાથી રઘુનાથદાસને સમજાવવા ગયેલા રામદાસ સ્વામી. ૧/૪૨૨

૮. રામદાસ સ્વામીએ રઘુનાથદાસની ઉપાધિ માટેનો શ્રીહરિને લખેલો પત્ર. ૨/૧૪

૯. મુક્તાનંદ સ્વામીએ તત્કાળ અમદાવાદ જવાનો શ્રીહરિને કરેલો આગ્રહ. ૨/૧૫

૧૦. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને આપેલું આશ્વાસન. ૨/૧૫

૧૧. જેતલપુરમાં રઘુનાથદાસે કરેલી ઉપાધિની પરાકાષ્ઠાને શ્રીહરિની સંકલ્પ શક્તિ અને ઉપદેશથી તૃણવત બની. ૨/૫૩

૧૨. અમદાવાદ પધારેલા શ્રીહરિ સમક્ષ રામદાસ સ્વામીએ રઘુનાથદાસની ઉપાધિની કરેલી રજૂઆત. ૨/૫૪

૧૩. જીવનો મોક્ષ ન બગડે તે માટે શ્રીહરિએ દર્શાવેલી કરૂણા ૨/૫૪

૧૪. શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપ અને સાથેના સંતોના વર્તનથી અમદાવાદના હરિભક્તોમાં રઘુનાથદાસ પ્રત્યે ભાવ ઓછો થયો. - શ્રીહરિ રઘુનાથદાસને સમજાવે છે. ૨/૫૫-૫૮

૧૫. શ્રીહરિ રઘુનાથદાસને વિમુખ કરે છે. ૨/૫૮-૫૯

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. વનવિચરણ દરમ્યાન પ્રસંગોપાત વ્યક્ત થતો નીલકંઠવર્ણીનો ભક્તિભાવ.**

૧ ગૃહત્યાગના બીજા દિવસે અમરપુર ગામના લોકોએ નીલકંઠ પાસે મીઠાઈ, ફળોનો ઢગલો કર્યો. નીલકંઠવર્ણીએ તમામ સામગ્રી શાલીગ્રામને ધરાવી પછી જ જમ્યા. ૧/૧૦૫

૨. દરેક ગામમાં મળતી સામગ્રી ઠાકોરજીને ધરાવીને જ ગ્રહણ કરતા. ૧/૧૦૬

૩. બારાબંકી જિલ્લાના લોધેશ્વર મહાદેવમાં નીલકંઠે રસોઈ કરી ઠાકોરજીને નૈવેદ્ય ધરીને પછી જ જમ્યા. ૧/૧૦૭

૪. સહેજાપુર ધ્યાનમગ્ન નીલકંઠ સામે સીધાની સામગ્રીનો ઢગલો બાટીને રસ ઠાકોરજીને ધરાવી પોતે ભેગું કરીને જમ્યા.૧/૧૦૯

૫. હરદ્વારમાં શિવ-પાર્વતીએ બનાવેલી રસોઈ ઠાકોરજીને ધરાવી પોતે જમ્યા અને શિવ-પાર્વતીને પ્રસાદી આપી.૧/૧૧૩-૧૧૪

૬. કુબ્જામ્રક તપોવનમાં ઋષિ મુનિઓએ લાવેલી તમામ સામગ્રી પોતાની સાથે રાખેલા બાલમુકુન્દને ધરાવી. ઋષિઓનો પ્રશ્ન - તમે સ્વયં ભગવાન છો તો પછી આ બાલમુકુન્દની પ્રતિમાને પૂજવાનો શો અર્થ ? નીલકંઠવર્ણીનો જવાબ. ૧/૧૧૫

૭. હરૈયામાં હલવૈની હાટે હલવૈની માએ આપેલી મીઠાઈ બાલમુકુન્દને ધરાવી પોતે થોડી પ્રસાદી જમ્યા. ૧/૧૩૬

૮. હરૈયાથી આગળ ઘાટા વનમાં શાલિગ્રામની પૂજા કરી. ભીલોએ લાવેલા ફળો બાલમુકુન્દને ધરાવ્યાં. ૧/૧૩૭

૯. હિમગિરિએ બતાવેલ માર્ગે ઝરણામાં આખી રાત ચાલ્યા. ત્રણ દિવસે કેળા મળ્યા. ત્યારે બાલમુકુન્દને ધરાવીને જમ્યા. ૧/૧૫૧

૧૦. ભૂતપુરીના માર્ગે વિકટ વનમાં પાંચ દિવસે પાણી મળ્યું. ત્રણ થી ચાર કઠારી પાણી શાલિગ્રામ પી ગયા. શિવ-પાર્વતીએ લાવેલો સાથવો ધરાવ્યો. ૧/૨૩૮

**૨. રામાનંદ સ્વામીનું નીલકંઠવર્ણી પર હેત**

૧. સૌને વર્ણીનાં દર્શને જવાની આજ્ઞા. ૧/૩૩૪

૨. આ તો કૃષ્ણથી પણ મોટા છે. ૧/૩૩૬

૩. પીપલાણામાં રામાનંદ સ્વામી અને શ્રી હરિનું પ્રથમ મિલન. - રામાનંદ સ્વામીએ વર્ણીનું સ્વરૂપ ઓળખાવ્યું. ૧/૩૪૫-૩૪૭

૪. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને આપેલી ભાગવતી દીક્ષા. ૧/૩૪૮-૩૪૯

૫. આ વર્ણી વેષે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. - રામાનંદ સ્વામીએ અગતરાઈમાં ઓળખાવેલું સહજાનંદ સ્વામીનું સ્વરૂપ. ૧/૩૫૭-૩૫૮

૬. કાલવાણી અને લોજમાં રામાનંદ સ્વામીએ નારાયણ મુનિના શરીર સ્વાસ્થ્યના શરૂ કરેલા ઉપાયો. ૧/૩૫૮

૭. હું તો પ્રભુનો પેગંબર છું અને પ્રભુ તો આ નાના વર્ણી છે. માણાવદરના નવાબના માણસને રામાનંદ સ્વામીએ કહ્યું. ૧/૩૬૦

૮. ક્યાં ગયા તમારા બે ચેલા ? વર્ણીને મારવા માટે આવ્યા હતા ? - રામાનંદ સ્વામી. ૧/૩૬૧

૯. માંગરોળમાં મનુભાને રામાનંદ સ્વામીએ કરાવેલી વર્ણીની ઓળખ. ૧/૩૬૨

૧૦. સહજાનંદ સ્વામીને ગાદી આપવાનો કરેલો નિર્ણય. - ધર્મધૂરાંની સોંપણી. ૧/૩૬૯-૩૮૦

**૩. બાળમિત્રો અને ઘનશ્યામ**

૧. ચૌલ સંસ્કાર સમયે બાળકો સાથે ફળોની વાડીમાં (કાલીદત્તનો પ્રકોપ) ૧/૩૩

૨. બાળમિત્રો સાથે મીન સરોવરે સ્નાન માટે (માછીમારને અહિંસાનો બોધ) ૧/૩૫

૩. મિત્રોનો ઘનશ્યામને પ્રશ્ન : ઝાડ ઉપર ચડી શું જુઓ છો ? ૧/૪૩

૪. પિરોજપુરમાં બાળમિત્રો સાથે જાંબુ ખાવા - રખેવાળનો હાથ ખડી ગયો ૧/૪૪

૫. ભાભીની વીંટી ચોરી મીઠાઈ લઈ મિત્રો સાથે વાડીમાં જમ્યા ૧/૪૯-૫૧

૬. ઘનશ્યામની રુચિ જાણી કદંબના ફૂલોની માળા, ટોપી તથા બાજુબંધ બનાવીને પહેરાવ્યા. ૧/૬૦

૭. ઘનશ્યામને ખાંપો વાગતાં ઘા ધોઈને લોહી કેમ બંધ કરવું તે વિચારવા લાગ્યા. ૧/૬૧

૮. વેણીરામ : તારામાં આ લોકનો ભાવ નથી. તારી અલૌકિક લીલા મેં ક્યાં નથી જોઈ ? (માંદગી સમયે) ૧/૬૯

૯. ઘનશ્યામના ગૃહત્યાગથી વ્યથિત બાળમિત્રોની ઘનશ્યામ માટેની શોધખોળ. ૧/૧૦૦-૧૦૧

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યાં કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **મલ્લકુસ્તી (૧/૮૮-૯૦)** ભુવાનસિંહ અને દીનાસિંહ પાસે આસનો શીખતા - ઘેરથી લાવેલ દૂધ બંને મલ્લોને પાઈ દેતા - મલ્લવિદ્યામાં નિપૂણતા - વીસ વર્ષના વિપ્રની ઘનશ્યામ સાથે રમવાની હઠ - ઘનશ્યામને મારી નાખવાના આસુરીભાવ સાથે - ઘનશ્યામે મૂકેલી શરત - વિપ્ર મલ્લનો પરાભવ - મલ્લનો બાપ ઘનશ્યામને ડરાવવા લાગ્યો - રામપ્રતાપભાઈએ આપેલો ડારો - બ્રાહ્મણ મલ્લ ભુવાનદીન અને દીનાસિંહનો બનેલો દ્વેષી - ઈજારદાર રાજાને ભુવાનદીન અને દીનાસિંહની કરેલી વાત - રાજાએ બંનેને સૈન્યમાં નોકરી કરવા કહ્યું : બંનેની ના - રાજાના ચારિત્ર્યભ્રષ્ટ સિપાઈઓની સાથે લડાઈ - ભુવાનદીન અને દીનાસિંહની ઘનશ્યામ સાથે અતૂટ પ્રીતિ - ધર્મકાર્યમાં બંનેનો દેહ પડે- ઘનશ્યામનો સંકલ્પ - હું હવે અયોધ્યાનો ત્યાગ કરી દેવાનો છું.
**મનન :** ઘનશ્યામને બીજાને જમાડવામાં આનંદ આવતો. ઉદ્ધત અને અહંકારી બનેલાને શિક્ષા પણ દેતા હતા. પોતાનામાં પ્રીતિથી બંધાયેલાને પોતાનો વિયોગ ન થાય તેનું ધ્યાન રાખ્યું. ધર્મનું રક્ષણ કરાવ્યું.

૨. **સુંદરજી સુથારે મહારાજને પોતાના જેવી બીજાની પરીક્ષા ન કરવા કહ્યું. (૨/૧૭-૨૦)** કચ્છના સુંદરજી સુથાર બંધિયામાં મહારાજના દર્શને - આપના પ્રતાપે સુખિયો છું ને વધુ સુખિયા રહેવાય તે માટે આ દાસ ઉપર દયા રાખજો - ભગવાં પહેરો અને ઊપડો કાશીની જાત્રાએ - ડોસાભાઈએ પણ રામાનંદ સ્વામીની આજ્ઞા પાળી ન હતી. તેના પ્રાયશ્ચિત્તરૂપે કાશીએ જવાની આજ્ઞા - અમે કેવાં કામ કર્યાં ? દીવાનને મૂંડ્યા અને શેઠનેય પ્રાયશ્ચિત્ત આપ્યું. શ્રીહરિ - મુક્તાનંદ સ્વામીને. - ‘મહારાજ ! બહૂ ભૂંડું કર્યું. હવે કચ્છમાં પણ ઉપાધિ શરૂ થઈ જશે.’ - મુક્તાનંદ સ્વામી - પાપ નામનો પિતરાઈ હતો તેનું સૂતક ઉતાર્યું.- આવી આકરી કસોટી હવે બીજાની કરશો નહિ. - સુંદરજી. **મનન :** ભગવાન અને સંત આગળ ક્યારેય અભિમાન ન કરવું. આપણા જેવા તો તેમની પાસે અનેક હોય છે. માટે બીન જરૂરી સલાહ આપવી નહિ. તેઓ જે કરે તે યોગ્ય જ હોય છે.

૩. **આજ સુદર્શનચક્ર ઘરોઘર આપ્યું છે. (૨/૭૯)** કૃપાનંદ સ્વામી અને વીરભદ્રાનંદ સ્વામીને દીક્ષા પછી સમાધિ - તેમણે કરેલી મહારાજને સ્તુતિ - સુંદરજીભાઈનો પ્રશ્ન : 'આજ સુદર્શનચક્ર ક્યાં મૂકીને આવ્યા છો ? આજે ભક્તો આટલા પીડાય છે છતાં નફકરા થઈને બેસી રહ્યા છો ?' - મહારાજ : 'અમે ભગવાનના સ્વરૂપના જ્ઞાનરૂપી સુદર્શનચક્ર ઘરોઘર ભક્તોને આપ્યું છે. તે જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર ભક્તોની કામાદિક દોષોથી રક્ષા કરે છે.'

**મનન :** પેલું ચક્ર દેહની રક્ષા કરે છે. જ્યારે જ્ઞાનરૂપી ચક્રથી જીવની રક્ષા થાય છે. માટે જ્ઞાનરૂપી ચક્રથી અજ્ઞાનરૂપી અંધકાર ટાળવો. જેથી દોષો બળી જાય છે.

૪. **નીલકંઠવર્ણી જેઠા મેરને ત્યાં ગયા. (૧/૩૦૮)** મઢડામાં નીલકંઠવર્ણી જેઠા મેરને ત્યાં - મેર દંપતી આજીવન બ્રહ્મચર્યનું પાલન - રાત્રે બ્રહ્મા, વિષ્ણુ, શિવજી વર્ણીના દર્શને - દિવ્ય સમાધિનો આનંદ - કૃતયુગથી અનેક અવતાર આ દંપતીએ ધર્યા -દરેક અવતારમાં અખંડ બ્રહ્મચર્ય - બ્રહ્મચર્ય વ્રત સહજ - વર્ણીની આંખમાં આંસુ.

**મનન :** શ્રીજીમહારાજે બ્રહ્મચર્યને મહત્વ આપતાં ગ.મ. ૩૩માં કહ્યું : 'જેને નિષ્કામી વર્તમાન દૃઢ છે. તેનાથી અમે લાખ ગાઉ છેટે હોઈએ તો પણ પાસે જ છીએ.' આમાં ભગવાનની પાસે હમેશાં રહેવા માટે શું કરવું જોઈએ? તેનો ઉપાય બતાવતાં મહારાજ બ્રહ્મચર્યનો મહિમા બતાવે છે.

૫. **પુલહાશ્રમમાં નીલકંઠવર્ણીનું તપ (૧/૧૫૪-૧૫૭)** મુક્તનાથના સ્થાનની માહિતી - બ્રહ્માના પુત્ર પુલહે તપ કરેલું તેથી પુલહાશ્રમ ઉગ્ર પ્રાકૃતિક વાતાવરણમાં નીલકંઠનું ઉગ્ર તપ- મુક્તનાથના દર્શને આવનારને નીલકંઠમાં જુદી જુદી ભાવના- અખંડ ગાયત્રી મંત્રનો જાપ - પ્રત્યક્ષ સૂર્યનારાયણને મહાપ્રભુ વર્ણીન્દ્રની સ્તુતિ - સૂર્યદેવની મૂંઝવણ - સૂર્યદેવ : આપે જે માગ્યું છે તે યથાર્થ થશે. - સૂર્યદેવની મૂર્તિ પધરાવવાનો સંકલ્પ.

**મનન :** જનમંગલ નામાવલિના ૧૦૮ નામમાંનું એક 'તપઃપ્રિયાય નમઃ' આમાં સિદ્ધ થતું દેખાય છે. પોતે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં ભક્તોને અર્થે આવું કઠણ તપ કર્યું.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **પિબૈક (૧૯૩-૧૯૭)** નીલકંઠવર્ણી કામાક્ષી તીર્થમાં - કામાક્ષી તીર્થમાં મહાકાલીનો ઉપાસક પિબૈક પોતાને અજેય માનતો - નીલકંઠવર્ણીને મા'ત કરવાના કોડ- પરમાત્મા સિવાય કોઈ કાળને આજ્ઞા કરી શકતું નથી.- તમે કેમ બીઓ છો ? - તારા કાળભૈરવ કે બટુક વીર મને કાંઈ કરી શકે તેમ નથી. - કાળભૈરવ, બટુક વીર, હનુમાનજીની આરાધના - ત્રણેય જણાએ પિબૈકને મારેલો માર - સંબંધીઓએ નીલકંઠવર્ણીને કરેલી સ્તુતિ - વર્ણીએ કાનમાં કહેલો 'કૃષ્ણમંત્ર' - ભૈરવે બતાવેલો સાચો માર્ગ - વર્ણીએ આપેલો ઉપદેશ - પિબૈકનું થયેલું રૂપાંતર - નીલકંઠ વર્ણીનો ઉદ્દેશ 'સંતોને સુખ આપવું, દુષ્ટોનું પરિવર્તન કરવું કાં દમન કરવું.'

**વ્યક્તિત્વનું આલેખન :** અવળી સાધનાથી સિદ્ધિને પામેલો, બીજાને ડરાવનારો - દરેકને મા'ત કરી પોતાના શિષ્ય મંડળની વૃદ્ધિ કરવાના સ્વભાવવાળો - સાચી વાત સહન ન કરી શકવાવાળો - નીલકંઠવર્ણીના સંબંધથી જ્યારે સાચી વાત સમજાઈ ત્યારે અવળી સમજણનો ત્યાગ કરી સવળી વાત સ્વીકારી શુદ્ધ વૈષ્ણવ બન્યો.

૨. **નાનીબા (૧/૨૬૯-૨૭૨, ૨/૪૦-૪૧)** (૧) બોચાસણમાં મુખી કાનદાસના ઘેર બ્રાહ્મણોને જમવાનું - વર્ણીને પણ આમંત્રણ- બ્રાહ્મણોએ લાડુ ન આપતાં નાનીબાને અકળામણ - વર્ણી દૂધ-ભાત જમ્યા - વર્ણીએ કાશીદાસનું કાંડું પકડતાં નાનીબાએ કહ્યું : 'આ કાંડું એમ ને એમ ઝાલી રાખજો.' - બીજે દિવસે વર્ણીની શોધમાં નાનીબા - 'મા! મૂંઝાશો નહિ. બોચાસણમાં આવીશ અને સ્થિર થઈને રહીશ. - સોળ ચિહ્નયુક્ત ચરણારવિંદની ધૂળ વસ્ત્રમાં બાંધી લીધી. (૨) ગાદી પર આવ્યા પછી મહારાજ વિચરણ કરતાં બોસાચણ કાશીદાસને ઘેર આવ્યા - નાનીબા આશ્ચર્યચક્તિ - તપસ્વી વેશે જોયેલા વર્ણી અને આ રાજવી સ્વરૂપમાં નીલકંઠવર્ણીની મૂર્તિ કંડારાઈ - 'તમે ચાલ્યા ગયા સાવ નોંધારા મૂકીને' - શ્રીહરિ : 'નાનીબા ! અમે ભક્તને નોંધારા મૂક્તા નથી. તે અમારી વાટ જુએ છે અને અમે તેમની પાસે જઈએ છીએ. તે અમને સંભારે છે. અને અમે પ્રત્યક્ષ થઈએ છીએ. અમે ભક્તોની પાછળ ફરીએ છીએ.' - નાનીબાના અંતઃચક્ષુ ખૂલી ગયાં. - શ્રીહરિએ નાનીબાને આપેલું વચન - અહીં તીર્થ થશે.

**વ્યક્તિત્વનું આલેખન :** નાના ગામડામાં રહેતાં છતાં પ્રગટ ભગવાનના સ્વરૂપને ઓળખી કાઢ્યું. તેમના વચનમાં વિશ્વાસ રાખી રાહ જોઈ. તો મહારાજ ફરી પધાર્યા અને કાયમ માટે તેમને ત્યાં રહેવાનું વચન આપ્યું.

## વિભાગ - ૩ : ધાર્મિક વિધાનો અને ભાવનાઓ નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. મંત્ર એટલે શું ? (૨૫)**

જ. જીવનનું ધ્યેય સ્પષ્ટ કરે તે મંત્ર અને પરમાત્માના મહિમાને અભિવ્યક્ત કરતો શબ્દ અથવા વાક્ય એટલે પણ મંત્ર.

**૨. દંડવત્ પ્રણામમાં કેટલા અંગો ભળે છે ? (૩૨)**

જ. સાષ્ટાંગ દંડવત્ પ્રણામમાં લલાટ (મસ્તક), આંખ, હાથ, વક્ષસ્થળ (છાતી), પગ, ઘૂંટણ (જંઘા), વાણી અને મન આ આઠ અંગોનો સમાવેશ થાય છે.

**૩. માળામાં કેટલા મણકા હોય છે ? (૨૭)**

જ. માળામાં ૧૦૮ મણકા હોય છે.

**૪. આરતી એટલે શું ? (૪૦)**

જ. (૧) ભગવાનનો સત્કાર કરતાં પ્રકાશ પાથરવાની વિધિ એટલે આરતી. (૨) 'હે ભગવાન, મારો સમગ્ર પ્રેમ કેવળ આપના વિષે જ થાઓ' આ ભાવથી થતી પ્રાર્થના એટલે આરતી. (૩) ભગવદ્રતિ વ્યક્ત કરતી જ્યોતિ, (૪) સ્નેહભરેલ જ્યોતનું સમર્પણ (૫) પંચભૂતોનું પરમાત્માને સમર્પણ એટલે આરતી.

**નોંધ : આપેલ જવાબમાંથી કોઈ પણ એક જવાબ લખ્યો હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૫. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક કરી શું કહ્યું ? (૨૨)**

જ. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક કરી કહ્યું : 'આ અમારા તિલક'

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. વર્તમાન દીક્ષા કોના થકી ધારણ કરવી ? અને તે ધારણ કર્યા પછી કયા નિયમોનું પાલન આવશ્યક છે ? (૪૫)**

સત્સંગી જીવનમાં શ્રીજીમહારાજે કહ્યું છે : સંપ્રાપ્ય દીક્ષામિહ ભક્તિધર્મયુક્તાદ્ ગુરોર્ભાગવતી નરઃ પ્રાક્ । અર્ચાં તતઃ પ્રાપ્ય તદુકતરીત્યા ભક્તિ વિદધ્યાદપતન્દ્રિ વિષ્ણોઃ । અર્થાત્ આ લોકમાં ભક્તિ-ધર્મયુક્ત પરમ એકાંતિક સંત થકી દીક્ષા ગ્રહણ કરીને ભક્તિના આધારભૂત ભગવાનની જે દિવ્યમૂર્તિ તે સદ્ગુરુ થકી મેળવવી અને ગુરુના કહેવા મુજબ ભગવાનની ભક્તિ, આળસનો ત્યાગ કરીને કરવી. આ રીતે, શ્રીજી આજ્ઞા અનુસાર ભગવાનનો સાક્ષાત્કાર પામેલા સંત થકી વર્તમાન ગ્રહણ કરીને કંઠી ધારણ કરવી એ ઉત્તમ છે, કારણ કે વિપરીત સંજોગોમાં અથવા તો શરતચૂકથી ભગવાનની શરણાગતિના માર્ગ થકી પડી જવાનો વખત આવે ત્યારે આવા સંત જ યોગ્ય માર્ગદર્શન આપીને ભક્તને લપસી જતાં અટકાવે છે. આચાર્યને પણ મોટા સંત થકી જ દીક્ષા ગ્રહણ કરવાની હોય છે. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજને બાળપણમાં સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવી કંઠી ધારણ કરાવી હતી. કંઠી ધારણ કર્યા પછી દારૂ, માંસ, ચોરી, વ્યભિચારનો ત્યાગ કરવો અને સ્વધર્મનું પાલન કરવું - એટલા નિયમોનું પાલન અવશ્ય કરવાનું રહે છે. ત્યારબાદ શિક્ષાપત્રીના નિયમોનું પાલન પણ ભક્ત ધીરે ધીરે આચરણમાં મૂકતો જાય છે અને આગળ વધતો જાય છે.

**૨. આહારના પ્રકાર અને તેની વિગત (૮૧-૮૨)** આહારના ત્રણ પ્રકાર શાસ્ત્રોમાં વર્ણવ્યા છે. (૧) સાત્ત્વિક (૨) રાજસિક (રાજસી) (૩) તામસિક (તામસી) **(૧) સાત્ત્વિક આહાર :** પુષ્ટિદાયક (દૂધ, મધ આદિ), આરોગ્યપ્રદ, સ્નિગ્ધ (ઘી, માખણ) સ્થિર (શરીર સાથે એકરસ થઈ જનાર), મધુર સ્વાદિષ્ટ આહારને સાત્ત્વિક આહાર કહેવામાં આવે છે. **(૨) રાજસી આહાર :** મધુર રસ વિનાના પાંચ રસો ખાટો, ખારો, તીખો, તૂરો ને કડવો અલગ અલગ લેવાય તે રાજસી આહાર છે. આ ઉપરાંત, અત્યંત ગરમ (ચૂલા પરથી ઉતારેલા), લૂખા (જે આહાર ખાધા પછી

ખૂબ પાણી પીવું પડે છતાં તૃષા ન છીપે તેવા), તળેલા, શેકેલા, ઉકાળેલા, વઘારેલા, દાહ કરનાર (લવિંગ, તજ, લીંડી પીપર, જાવંત્રી, એલચી આદિ), મોંમાં ઝણઝણાટને પાણી ઉત્પન્ન કરનારા, જેના સેવનથી દુઃખ, શોક, ગ્લાનિ તથા રોગ ઊપજે છે, તે રાજસી આહાર છે. (૩) **તામસી આહાર :** જે આહાર રાંધ્યા પછી ઘણા સમય સુધી પડી રહ્યો હોય, ઊતરી ગયો હોય, પદાર્થનો મૂળભૂત રસ નાશ પામ્યો હોય, કાચો પાકો રંધાયો હોય, જેમાંથી દુર્ગંધ આવતી હોય, મુશ્કેલીથી પચે તેવો, ખૂબ મસાલાથી ભરપૂર હોય, ને ટાઢો ને વાસી હોય, કોઈનો એંઠો કે છાંડેલો હોય, જેમાં કીટ, વાળ જેવી અપવિત્ર વસ્તુઓ હોય, શાસ્ત્ર નિષિધ માંસ, માછલી, ઈંડાં, કાંદા, લસણ આદિથી યુક્ત હોય, તે આહારને તામસી આહાર કહ્યો છે.

૩. **નિત્યપૂજા માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શું કહે છે ? (૧૮)** 'પૂજા કાપીએ તો આપણે કપાઈ જઈએ.' સવારે નાહી-ધોઈને પૂજામાં ભગવાન પાસે બેસી જ જવું ને માળા ફેરવવી. નાહવા - ધોવામાં થોડો સમય કાપી નાંખવો. આ તો વહેલું - મોડું થાય તો પૂજાને જ કાપી નાંખે, પણ પૂજા કાપીએ તો આપણે કપાઈ જઈએ. માટે પૂજા ન મૂકવી અને તિલક - ચાંદલો ભપકાબંધ કરવો.' 'સમય નથી મળતો ? તમને ખાવાનો સમય કઈ રીતે મળે છે ? ભલા આદમી ! જેમણે આપણને ૨૪ કલાક વાપરવા આપ્યા એમાંથી ફક્ત પા કલાક કે અર્ધો કલાક પણ એ ભગવાનની પાછળ ન ગાળીએ તો આપણા જેવો કૃતઘ્ની 'નમકહરામ' કોણ ?

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ <u>એક</u>નો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

૧. **માનસી પૂજા એટલે શું ? અને તેનો લાભ. (૨૩-૨૪)** (૧) ભગવાન પ્રત્યક્ષ સ્વરૂપે વિરાજતા હોય ત્યારે વિવિધ ઉપચારોથી ભગવાનની સેવા કરીએ. ભગવાન પ્રત્યક્ષ ન હોય ત્યારે અર્ચાસ્વરૂપની પણ પ્રત્યક્ષ ઉપચારો વડે સેવા શક્ય બને. પરંતુ ક્યારેક અર્ચાસ્વરૂપ પણ ન હોય, તો ક્યારેક ઉપચાર દ્રવ્યો (વસ્તુઓ) આપણી પાસે ન હોય તો? એ સમયે ભગવાનની મનોમય મૂર્તિની મનોમયી પદાર્થો વડે પૂજા કરવી, સેવા કરવી તે જ માનસી પૂજા. બીજા શબ્દોમાં મન દ્વારા થતી પૂજા એટલે માનસી પૂજા. (૨) શુદ્ધ ભાવે, ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદકંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. (વચ. સા. ૩) (૩) પ્રત્યક્ષ પૂજાની જેમ જ સમય-સમયની માનસી પૂજા થઈ શકે છે. ભગવાનને મધુર સ્વરે જગાડવા, કોમળ દાતણ વડે દંતધાવન કરાવવું, મુખપ્રક્ષાલન કરાવવું, સ્નાન કરાવવું વગેરે સેવા મનથી પણ થઈ શકે છે. ઋતુ અનુસાર વસ્ત્રો, પુષ્પહાર વગેરે ધારણ કરાવી શકાય. વચનામૃત ગ.અં. ૨૩માં શ્રીજીમહારાજે માનસી પૂજા કેવી રીતે કરી શકાય તેનું સુંદર માર્ગદર્શન આપ્યું છે. (૪) સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ સમયની માનસીપૂજાનું વિધાન છે. **૧.** પ્રાતઃ માનસી - ભગવાનને જગાડવા; સ્નાનાદિક વિધિ કરાવવી. **૨.** શણગાર માનસી - ભગવાનને વિવિધ શણગારો ધરાવવા. **૩.** રાજભોગ માનસી - ભગવાનને વિવિધ વાનગીઓનો થાળ ધરાવવો અને વામકુક્ષી અર્થે આરામ કરાવવો. **૪.** ઉત્થાન માનસી - બપોરના આરામમાંથી ઠાકોરજીને જગાડી મુખ-પ્રક્ષાલન વગેરે કરાવી, જલ તથા ફળફળાદિ ધરાવવાં. **૫.** શયન માનસી - રાત્રી ભોજન કરાવી ઠાકોરજીનાં વસ્ત્રો બદલાવી પોઢાડવા.

**માનસી પૂજાનો લાભ :** માનસી પૂજાનો વિશેષ લાભ એ કે આપણા બધા જ ભક્તિભાવ તેમાં પૂરા કરી શકીએ છીએ. આપણને ગમતા પદાર્થો ભગવાનની સેવામાં વાપરીએ. આપણને ભાવતાં ભોજનો ભગવાનને જમાડીએ. આપણી ઈચ્છાનુસાર શણગાર ધરાવીએ. આ પ્રકારે સેવા કરતાં, માનસી પૂજાથી આપણને બીજા ઘણા લાભ થાય છે જેવા કે, **૧.** આપણી આસક્તિ સેવામાં રૂપાંતરિત થાય છે. **૨.** ગરીબ પણ વગર ખર્ચે વિવિધ ભોગ ધરાવી શકે છે. **૩.** ભગવાન પોતાના બની રહે છે તથા પોતા જેવા થવાથી સહેજે એમનું ધ્યાન થઈ શકે છે. **૪.** મનની સ્થિરતા તથા એકાગ્રતા વધે છે. ચિત્તમાં શાંતિનો અનુભવ થાય છે. **૫.** વચનામૃત ગ.અં.૨૩ પ્રમાણે ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિમાં હેતની વૃદ્ધિ થાય છે. **૬.** વચનામૃત સારંગપુર-૩ પ્રમાણે મૂર્તિનો સાક્ષાત્કાર કરવા મનન નિદિધ્યાસન જરૂરી છે તે માનસી પૂજા દ્વારા શક્ય બને છે.

૨. **ઘરમંદિર શા માટે ? (૫૨-૫૩)** યોગદર્શનમાં પતંજલિ ઋષિએ અષ્ટાંગયોગીની સન્નિધિની મહત્તા દર્શાવતાં કહ્યું છે કે તત્સન્નિધૌ વૈરત્યાગઃ। અષ્ટાંગયોગીના અંતરમાં તો વૈરભાવ હોય જ નહીં, પણ એની નજીક આવતાં અન્ય જીવપ્રાણીમાત્રના અંતરમાંથી વેરભાવ શમી જાય છે. કેવું આંતરિક પરિવર્તન ! તો યોગીઓના પણ યોગી,

યોગીઓના પણ આધાર એવા પરમાત્માના સાન્નિધ્યની તો વાત જ શી ? ઘરમાં મંદિર હોય, પ્રભુનો વાસ હોય તો ધીરે ધીરે વ્યક્તિના મનોવિકારો શાંત થાય છે. ભક્તિમય વાતાવરણ સર્જાય છે. સદ્‌વિચારો જાગ્રત થાય છે. સદ્‌વિચારોને આચરણમાં મૂકવાનું બળ પ્રાપ્ત થાય છે. ટી.વી. જેવાં આધુનિક ઉપકરણો દ્વારા પ્રસરતા કુવિચારો તો ત્યાં પ્રવેશી જ ન શકે. બાળકોમાં પણ પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને સદ્‌વિચાર તથા સદાચારનાં બીજ રોપાય છે. ઘરની પ્રત્યેક વ્યક્તિમાં ઓછેવત્તે અંશે, આજે નહીં તો કાલે, એનો પ્રભાવ પડે જ છે. આમ, ઘરમાં પ્રભુનો વાસ થતાં ઘર પણ મંદિર બની જાય છે. ઘરને મંદિર બનાવવા ઘરમંદિર આવશ્યક છે. સંસ્કારોનું સંવર્ધન કરવા ઘરમંદિર આવશ્યક છે. પ્રભુની સેવા-ભક્તિ કરવા ઘરમંદિર આવશ્યક છે. કુવિચારો, દુરાચારને અવરોધવા ઘરમંદિર આવશ્યક છે. ઘરમાં ક્લેશ-કંકાસને સ્થળે મંદિરનું પવિત્ર વાતાવરણ રચવા ઘરમંદિર આવશ્યક છે. ઘરમાં કોઈ વડીલની ઉપસ્થિતિ હોય તો પણ ઘરમાં સૌનું વર્તન બદલાઈ જાય છે. વડીલની ઉપસ્થિતિ હોય તો ઘરની ચિંતા રહેતી નથી. તો સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો ઘરમાં વાસ હોય પછી ચિંતા રહે ખરી ? બધી જ જવાબદારી પ્રભુને શિરે ! નચિંત થવાની દવા એટલે જ ઘરમંદિર. મોટાં મંદિરોમાં વિરાજતા ભગવાનના અર્ચાસ્વરૂપની પૂજા કરવાની તક પ્રત્યેક વ્યક્તિને ન પણ મળે, પરંતુ ઘરમાં ભગવાન પધાર્યા તે પછી આપણને ભગવાનની આરતી-અર્ચન-થાળ વગેરે ષોડશોપચારથી સેવા-ભક્તિ કરવાની તક મળે. ઘરમાં પણ મંદિરનું મંગલમય વાતાવરણ સર્જાય. ઘરને મંદિર બનાવતો પારસમણિ એટલે જ ઘરમંદિર.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. નિત્યપૂજાવિધિની માળાજાપ-મંત્રજાપથી શિક્ષાપત્રી વાંચન સુધીની ક્રમિક પદ્ધતિ શી છે ? (૧૪-૧૮)**

**માળાજાપ-મંત્રજાપ :** સ્મૃતિ સહિત મૂર્તિઓનાં દર્શન કરતાં કરતાં માળા ફેરવતાં 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરવો. શ્રદ્ધા પ્રમાણે પાંચ, અગિયાર કે તેથી વધુ માળા ફેરવી શકાય.

**તપની માળા :** ત્યાર બાદ એક પગે ઊભા રહી બંને હાથ ઊંચા રાખી તપની એક માળા ફેરવવી. તપની માળા કરતા સમયે નીલકંઠવર્ણીની તપ કરતી મૂર્તિની સ્મૃતિ કરવી. આ દ્વારા ભગવાનની પ્રાપ્તિ માટે કંઈ પણ કઠણ સાધન વેઠવાનું બળ અને તૈયારી રાખવાનું જાણપણું મળે છે.

**પ્રદક્ષિણા :** ત્યાર બાદ માળા ફેરવતાં, મંત્રજાપ કરતાં કરતાં ઘડિયાળનાં કાંટા ફરે તે રીતે, આપણા જમણા હાથ તરફ ઠાકોરજીને રાખી શ્રદ્ધા પ્રમાણે પ્રદક્ષિણા ફરવી.

**સાષ્ટાંગ દંડવત્ પ્રણામ :** ત્યાર બાદ પાંચ દંડવત્ પ્રણામ કરવા. જાણે-અજાણે થયેલ અપરાધોની ક્ષમા માટે છઠ્ઠો દંડવત્ કરવો.

**પ્રાર્થના :** દંડવત્ બાદ આસન પર ફરી બેસીને હાથ જોડીને ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થના કરવી. હે મહારાજ ! હે સ્વામી! અહંમત્વરૂપી માયા થકી રક્ષા કરજો. ઇન્દ્રિયો-અંતઃકરણરૂપ શત્રુ થકી રક્ષા કરજો. દરેક પ્રકારના કુસંગ થકી રક્ષા કરજો. આપ અને આપના ભક્તોમાં દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ રહેજો. અમને આપનામાં દૃઢ આત્મબુદ્ધિ થાય તેવી કૃપા કરજો. ત્યાર બાદ પ્રત્યેક મૂર્તિનો ચરણસ્પર્શ કરી આંખે સ્પર્શ કરવો.

**વિસર્જન :** પૂજા પૂરી થતાં નીચેનો વિસર્જન મંત્ર બોલી મૂર્તિઓને ક્રમ પ્રમાણે ભેગી કરવી. 'સ્વસ્થાનં ગચ્છ દેવેશ પૂજામાદાય મામકીમ્ । ઇષ્ટકામ-પ્રસિદ્ધ્યર્થમ્ પુનરાગમનાય ચ ॥ હે દેવેશ !' મારા અભિલષિત કાર્યની સિદ્ધિ અર્થે આપે મારી પૂજા અંગીકાર કરી હવે આપ આપના સ્વસ્થાનમાં કહેતાં મારા હૃદય મંદિરમાં બિરાજો અને આવતીકાલે મારી પૂજા અંગીકાર કરવા પુનઃ પધારજો.

**શિક્ષાપત્રી વાંચન :** ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા મુજબ શિક્ષાપત્રીનું વાંચન અવશ્ય કરવું. ઓછામાં ઓછા પાંચ શ્લોકનું વાંચન કરવું.

**૨. બાળકના હેતુપૂર્ણ અભ્યાસ માટે માતા-પિતાની જવાબદારી (૬૬-૬૮)** (૧) શાળામાંથી સોંપાયેલું ઘરકામ બાળક પાસે કાળજીપૂર્વક કરાવવું. (૨) ઘરકામ લેતી વખતે બાળક સાથેનું તમારું વર્તન દમદાટીભરેલું નહીં પણ હેત, કોમળતા અને સહાનુભૂતિભર્યું હોવું જોઈએ. (૩) ઘરકામ બાદ સમય હોય તો કંઠસ્થનું પુનરાવર્તન કરાવવું. (૪) આપના બાળકની બુદ્ધિનું સ્તર ચકાસીને તે મુજબ જ તેની પાસેથી અપેક્ષા રાખવી જોઈએ. વધુ પડતી અપેક્ષાથી આપને અને બાળકને બંનેને નુકસાન છે. (૫) બાળક કયો વિષય સહેલાઈથી શીખી શકે છે અને કયા

વિષયમાં તે નબળું છે તેની જાણ આપને હોવી જોઈએ. નબળા વિષયમાં તેનો રસ વધે તે માટેના પ્રયત્નો આપે કરવા જોઈએ. (૬) બાળકને ભણવામાં રસ ન હોય તો તેનાં કારણો શોધો. નિષ્ણાતોને મળી તેનો ઉકેલ આણો. (૭) શાળામાં શિક્ષક પ્રત્યે આદર વધે એવી વાતો બાળકને કરો. (૮) આપનું વર્તન એવું હોવું જોઈએ કે જેથી બાળકને અભ્યાસની અને સંસ્કારની પ્રેરણા તેમાંથી મળતી રહે. (૯) ઘરનું વાતાવરણ એવું રાખો કે બાળકને અભ્યાસમાં રુચિ થાય પણ તેના અભ્યાસને અવરોધે નહિ. અભ્યાસના સમયે ટી.વી., રેડિયો, ટેપરોકોર્ડર વગેરે બંધ રાખો. (૧૦) બને ત્યાં સુધી ટ્યૂશનના પ્રલોભનથી બાળકને દૂર રાખો. શાળાનું શિક્ષણ, બાળકનો પુરુષાર્થ અને આપની સંભાળ - એ ત્રણ બાળકના અભ્યાસ માટે પૂરતાં છે. (૧૧) બાળકે કરેલા સારા કાર્યની પ્રામાણિક કદર કરો અને તેના ઉચ્ચ ધ્યેય તરફ ગતિશીલ બને તેનું સ્મરણ કરાવતા રહો. (૧૨) બીજાની હાજરીમાં બાળકને ક્યારેય ઉતારી પાડશો નહિ. તેનું હૃદય ઘવાય તેમ તેની નિંદા ક્યારેય કરશો નહિ. (૧૩) બાળકને સતત ઉત્સાહ મળતો રહે તેવી હિંમતભરી વાતો કરો. શિક્ષણની મહત્તા સમજાય તેવા મહાપુરુષોનાં દૃષ્ટાંતો કહો. (૧૪) પરીક્ષા સમયે બાળક હિંમત હારી ન જાય તેની ખાસ કાળજી રાખો. (૧૫) બાળકનાં વિશિષ્ટ કળા-કૌશલને ખીલવો અને તેના રસને પોષો. (૧૬) બાળકને પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવો. અભ્યાસ કરવા બેસતાં પહેલાં તેને પ્રાર્થનાની ટેવ અવશ્ય પાડો. (૧૭) તમારી આર્થિક ભીંસમાં તમારા બાળકને આવકનું સાધન ક્યારેય ન બનાવશો. કમાણીનો બોજ તેના શિરે ન નાંખો. (૧૮) બાળકના અભ્યાસની તક છીનવી લઈ તેના ભાવિને અંધકારમય ન બનાવશો. (૧૯) તમારું બાળક હઠ પકડે, રમત કરે, ઘરકામ અધૂરું મૂકે, રડે, તોફાન કરે એ વખતે ધીરજ રાખો. પ્રેમથી પ્રોત્સાહન આપો. હઠ બાળકનો સ્વભાવ હોય તો પ્રેમ માતા-પિતાનો સ્વભાવ હોવો જોઈએ.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. - સામાન્યજ્ઞાન નિબંધ (પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધ: નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિકત્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **યુવાપ્રતિભાના ઘડવૈયા પ્રમુખસ્વામી મહારાજ :** (૧) પ્રતિભા એટલે વ્યક્તિત્વ - દરેક વ્યક્તિમાં વિશેષતા - વિલક્ષણતા સુષુપ્ત રીતે પડેલી જ હોય છે. પરંતુ તે પ્રતિભાને બહાર લાવી વ્યક્તિનું ઘડતર કરવું તે ખૂબ જ આવશ્યક. (૨) યોગીજી મહારાજને યુવકો ખૂબ વ્હાલા. યુવકોને તેમણે પોતાનું હૃદય ગણ્યા છે. તે જ રીતે સ્વામીશ્રીને પણ યુવાનો ખૂબ પ્રિય છે. યુવાનોની પ્રતિભાને બહાર લાવવી, વિકસાવવી તેનું પોષણ કરવું તે સમાજ, દેશ માટે પણ અતિ આવશ્યક. યૌવનથી થનગનતા યુવાનોનો થનગનાટ, તેમની પ્રતિભા સાચે રસ્તે વળે તે માટે સ્વામીશ્રી ખૂબ જાગ્રત. (૩) સ્વામીશ્રી યુવા પ્રતિભાના ઘડવૈયા કઈ રીતે ? તો યુવાનોના જનમાનસના તેઓ સારા જાણકાર - યુવકો પર હેત વરસાવે - સત્સંગ પ્રવૃત્તિમાં જોડાયેલા યુવાનો તેમજ અન્ય યુવાનોને મળવાનો, તેમની વાતો સાંભળવાનો અદમ્ય ઉત્સાહ - પ્રસંગો લખવા. (૪) યુવાનોના વિકાસ માટે પ્રતિભા વિકસાવવા માટે અનેક આયોજનો. યુવા શિબિરો, અધિવેશનો, સમર કેમ્પ, પીકનીક વગેરે કાર્યક્રમો થાય. ભક્તિ, સંગીત, કીર્તનભક્તિ વગેરેના કાર્યક્રમો યોજાય. આ દ્વારા યુવાનોમાં રહેલી સુષુપ્ત શક્તિ બહાર આવે - આ અધિવેશનો, કાર્યકર, તાલીમ, યુવા તાલીમ, શિબિરથી યુવાનોનું ઘડતર થાય. સર્વાંગી વિકાસ થાય. કથાવાર્તા વગેરેમાં યુવકોની કુશળતા છતી થાય. પ્રસંગો લખવા. (૫) યુવકોની પ્રત્યેક પ્રવૃત્તિમાં સ્વામી રસપૂર્વક જાણકારી મેળવે - યુવકોની જાતે દેખરેખ રાખે - છાત્રાલયમાં ભણતા સત્સંગી યુવાનો તેમજ બિનસત્સંગી યુવાનોની માતા સમાન કાળજી (પ્રસંગો લખવા) - દરેક યુવક સ્વામીશ્રી આગળ નિખાલસતાથી નિષ્કપટ રીતે પોતાની વાત રજૂ કરે. સ્વામીશ્રીમાં આત્મીયતાનાં દર્શન. (પ્રસંગો) - યુવકો માતા-પિતાથી વિમુખ થયા હોય તો માતા-પિતા અને યુવકો વચ્ચે સમાધાન કરાવે - (પ્રસંગો) યુવા હૃદયના સારા માલમી સ્વામીશ્રી. (૬) સ્વામીશ્રીનું યુવાનો પર અનંત જનની જેવું હેત - સંતની દીક્ષા પામેલા યુવાનો પોતાની માતા-પિતાની મમતાનો ત્યાગ કરી સ્વામીશ્રીનું માતા-પિતા જેવું જ નહિ પણ તેથી વધારે વાત્સલ્ય મેળવે. સાધુ થયા હોય કે સંસારમાં પ્રત્યેક યુવાનોની કાળજી - આમ, સ્વામીશ્રી યુવા પ્રતિભાના ઘડવૈયા - ઉપસંહાર.

૨. **ભૌતિકવાદના પ્રશ્નો અને સત્સંગથી તેનું સમાધાન :** (૧) ૨૧મી સદી ભૌતિકવાદની સદી - ૨૧મી સદીના પૂર્વાધમાં ભૌતિકવાદની પા પા પગલી પરંતુ ૨૧મી સદીમાં તો તે પૂર્ણરૂપે. (૨) ભૌતિકવાદ એટલે ખાવું-પીવું, ફરવું, પંચવિષય ભોગવવા, અનીતિ, અપ્રામાણિકતા વગેરે દૂષણોનું પૂર્ણપણે વ્યાપ. સમગ્ર વિશ્વમાં ભૌતિકવાદના કારમા પંજાની તરાપ - અનીતિ-અપ્રામાણિકતાના (પ્રસંગો લખવા.) (૩) ભૌતિકવાદના ક્રૂર જડબામાં સંસ્કૃતિ તથા સભ્યતાનો કોળિયો, નીતિમત્તાનો સંપૂર્ણ છેદ વગેરે પ્રસંગો લખવા. પૈસા, સત્તા, સ્ત્રી મેળવવા માટે દીકરા દ્વારા બાપની હત્યા - ભાઈ-ભાઈ વચ્ચે વેર, પતિ-પત્નીમાં વેર તથા બાળકોને મૂંઝવતા અવિરત પ્રશ્નો. (૪) ભારત દેશમાં પણ પશ્ચિમી સંસ્કૃતિની અસર - ભૌતિકવાદ, ભોગવિલાસનાં દૂષણોનો અતિશય ફેલાવો (પ્રસંગો) છૂટાછેડા, ચોરી, લૂંટફાટ વગેરે અનેક પ્રશ્નોનું ઉદ્‌ભવસ્થાન ભૌતિકવાદ. (પ્રસંગો લખવા) (૫) પ્રશ્ન એ થાય કે ભૌતિકવાદથી ઉદ્‌ભવતા પ્રશ્નોનું કોઈ નિરાકરણ ખરું? તો તે પ્રશ્નોમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ ખરો ? હા. ભૌતિકવાદથી ઉદ્‌ભવતા પ્રશ્નોનું સત્સંગથી સમાધાન - ગમે તેવા અધર્મી, ધર્મવિહીન આચરણ કરનાર, રીઢા ગુનેગાર જેવા પણ સ્વામીશ્રી અથવા સંતોના પ્રસંગમાં આવે તેનું હૃદય પરિવર્તન થાય જ. સાથે સાથે જીવન પરિવર્તન પણ. સત્સંગના યોગથી અનેક લોકોએ વ્યસનો મૂક્યાં, સ્વભાવ મૂક્યાં - અયોગ્ય આચરણ છોડીને યોગ્ય માર્ગે વાળ્યા (પ્રસંગો લખવા) રીશુભાવાળા જેવાનું હૃદય-જીવન પરિવર્તન - કોઈપણ ધર્મની ભક્તિ સત્સંગના યોગમાં આવે તેનું જીવન પરિવર્તન - ભૌતિકવાદથી ઉદ્‌ભવેલાં અનેક પ્રશ્નોનું સત્સંગના કારણે સ્વામીશ્રીના યોગમાં આવવાથી સમાધાન. (૬) ઉપસંહાર.

૩. **નિશ્ચલા બુદ્ધિ :** (૧) ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં અર્જુનને ઉપદેશ આપતાં બુદ્ધિને સ્થિર રાખવાની વાત કહે છે : 'જાતજાતના શબ્દો સાંભળીને વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે સ્થિર થશે, નિશ્ચલ થશે, સમાધિમાં સ્થિર થશે ત્યારે તું યોગને પામીશ. (ગીતા-૨/૫૩) (૨) બુદ્ધિને નિશ્ચલ કે સ્થિર કરવાની આ વાત - વ્યવહાર હોય કે અધ્યાત્મ, બૌદ્ધિક સંતુલન અનિવાર્ય - બૌદ્ધિક સ્થિરતા એટલે વિચારોની સ્થિરતા, નિશ્ચયો, ઇચ્છાઓ, સંકલ્પોની સ્થિરતા - સ્થિતપ્રજ્ઞતા - સ્થિતપ્રજ્ઞતાના બૌદ્ધિક સ્વાસ્થ્યની કસોટી - અલ્પબુદ્ધિ - ચાલે પણ બૌદ્ધિક અસ્થિરતા કષ્ટદાયક, હાનિકારક, ભયાનક-વિનાશક છે. મનુષ્યનું સાચું ચિત્ર તેના વિચારો, નિશ્ચયો, નિર્ણયો, સંકલ્પોમાં અંકિત - જેના વિચારોમાં અસ્થિરતા તેનું જીવન પણ અસ્થિર - અને સંકલ્પો વગેરે ડહોળાય, તેનું બધું ડહોળાય. બૌદ્ધિક અસ્થિરતા એટલે સિદ્ધાંતમાં એક નિષ્ઠાતાનો અભાવ - આવા બૌદ્ધિક અસ્થિરતાવાળા મોટે ભાગે અવિશ્વાસ, શંકાશીલ - લીધેલા નિર્ણયોની અકારણ ફેરબદલી કરવી તે તેમની સાહજિક પ્રવૃત્તિ. વધારે પડતા લાગણીશીલ - તીવ્ર અને ત્વરિત પ્રતિક્રિયાને વશ વર્તન - પરિસ્થિતિને સર્વાંગી દૃષ્ટિએ વિચારવાની અશક્તિ - કાચા કાનના હોય, અનિશ્ચિતતાને કારણે ઘૂંઘવાયા કરે. આવી બુદ્ધિને કારણે જ અનિશ્ચિતતા, અરુચિ, વ્યસન-દૂષણોનો ભોગ - અનિંદ્રા જેવા રોગો પણ આ જ કારણે શક્ય બને. અર્જુન આવી પરિસ્થિતિનો શિકાર - વિચારો ડહોળાય એટલે જીવન ડહોળાયું, નિર્ણયો, નિશ્ચયોની અસ્થિરતાએ તેમને ડગાવી મૂક્યા. ભગવાન શ્રીકૃષ્ણને પાર્થની આ પરિસ્થિતિની જાણ - તેથી જ વિચારો સ્થિર થાય એ માટે પ્રાર્થના અનિવાર્ય. (૩) સમાધિમાં અચળ બુદ્ધિ : શ્રીકૃષ્ણ ભગવાને બુદ્ધિને સમાધિમાં અચળ રાખવા પર ભાર - સમાધિ યોગ સાધનાની ચરમ સીમા - ઇન્દ્રિયો અંતઃકરણની વૃત્તિઓ પરમાત્મામય થઈને રહે તે સમાધિ અવસ્થા સમાધિ એટલે પરમાત્મામય થઈને રહે તે સમાધિ અવસ્થા - સમાધિ એટલે પરમાત્મ સ્વરૂપની નિષ્ઠા - આવો સમાધિનિષ્ઠ તે જ સાચો યોગી - બૌદ્ધિક સ્થિરતા વગર સમાધિનિષ્ઠ યોગી થવું અનિશ્ચિત - પરમાત્મ સ્વરૂપમાં અચળ બુદ્ધિ એટલે શાંત સરોવરમાં પૂર્ણિમાની રાત્રિએ ચંદ્રમાનું કેવું ઝગમગાટ પ્રતિબિંબ - પરંતુ તેમાં મોટો પથ્થર પડે તો ? અસ્થિરતાનું સામ્રાજ્ય. પરમાત્મા નિર્દોષ, દયાળુ, સુખના સાગર. સંતના વચને આ સ્વરૂપની સમજણ થાય - પરંતુ ત્રિવિધ તાપરૂપી પથ્થર આ નિશ્ચયના સરોવરમાં પડે તો ? માન-અપમાન, સુખ-દુઃખના દ્વન્દ્વમાં પરમાત્મસ્વરૂપમાંથી વૃત્તિ ચલાયમાન - ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયના ઘાટ - સંતના વચનમાં અશ્રદ્ધા. આ જ બુદ્ધિની અસ્થિરતા - તેથી આવો મુમુક્ષુ સાચો યોગી ન થઈ શકે. (૪) કાચા કાનની બુદ્ધિ : શ્રીકૃષ્ણ ભગવાને અહીં પાર્થની બુદ્ધિને શ્રુતિવિપ્રતિપન્ના કહી છે - એટલે કે જાતજાતની વાતો સાંભળીને વિભ્રાંતિમાં પડેલી બુદ્ધિ - આવી બુદ્ધિવાળા કાચા કાનના કહેવાય છે. અર્જુને ન સાંભળવા જેવી વ્યક્તિના શબ્દો ધ્યાન દઈને સાંભળ્યા અને ન સાંભળવા જેવા શબ્દો સાંભળ્યા - તેનું પરિણામ ગાત્રો ગળી રહ્યા છે અને ગાંડીવ હાથમાંથી સરી રહ્યું છે એવી પરિસ્થિતિમાં અર્જુન મૂકાઈ ગયા. ધૃતરાષ્ટ્રે સંજયને એવા શબ્દો ભણાવીને મોકલ્યો કે પાંડવોને ખ્યાલ આવે કે કૌરવોની યુદ્ધમાં રુચિ જ નથી. યુદ્ધ એ નિંદનીય કાર્ય - કૌરવોને મારવાથી જ્ઞાતિવધનું

પાપ છે. આવું નિંદનીય કર્મ કઈ રીતે થાય ? છતાં યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણે વળતો જવાબ આપી જ દીધો હતો. યુદ્ધ તો નિશ્ચિત હતું. યુદ્ધનો નિર્ણય લેવાઈ ચૂક્યો હતો પણ ઘણા દિવસો બાદ આ સંજયના શબ્દોની માયાજાળમાં છેલ્લી ક્ષણે અર્જુનનું સપડાવું - ધૃતરાષ્ટ્રના વ્યૂહરચનાત્મક શબ્દોની અસર અર્જુન પર - વિચારોનું ડહોળાવું - શંકા-કુશંકાથી અંતર ઘેરાયું - યુદ્ધ માટેનો જુસ્સો અચાનક વિલિન - સુખ-ચેન ઊડી ગયું - પોતાનું કર્તવ્ય ભૂલીને ન લડવાની હઠ. (૫) શાસ્ત્રાર્થભ્રાંત બુદ્ધિ : શ્રુતિનો બીજો અર્થ વેદ થાય છે. એટલે શાસ્ત્રોના શબ્દોથી વિભ્રાંતિ થયેલ બુદ્ધિ. આ કેવું આશ્ચર્ય કે શાસ્ત્રો જ બુદ્ધિને ડહોળી નાખે - હા, આ વાત ખોટી નથી. શાસ્ત્રોનો વાંક નથી પણ પદ્ધતિનો વાંક - વેદાદિ શાસ્ત્રો તો સત્ય, સનાતન, ત્રિકાલબાધિત, અવિનાશી સિધ્ધાંતોનો મહાસાગર - પરંતુ પોતાની બુદ્ધિથી ન જ સમજાય. અનુભવીને શરણે જઈ શબ્દોના રહસ્યને ન પામે તો શાસ્ત્રનું રૂપાતંર શસ્ત્રમાં - નિર્ણયાત્મક શબ્દો સંશયાત્મક - અંતઃકરણ વિભ્રાંતિથી વ્યાકુળ - અર્જુન શબ્દોના રહસ્યની પદ્ધતિ ભૂલ્યા - શાસ્ત્રના શબ્દોનું રહસ્યનું તારણ પોતાની રીતે કર્યું અને શ્રીકૃષ્ણ ભગવાને શાસ્ત્રોમાં કહેલા પાપ-પુણ્યના રહસ્યો સમજાવવા લાગ્યા. તેમનો મોહજન્ય અનુરાગ તેમને જ ભોળવે છે. ઉત્સાદ્યન્તે જાતિધર્મા : ભગવદગીતા ૧/૪૩-૪૪ વગેરે શબ્દોમાં શાસ્ત્રોના વાક્યોનો તાત્પર્યાય સમજવામાં તેમની બુદ્ધિ ભટકી ગઈ. અહીં સ્વામિનારાયણ ભગવાનના વચનો યાદ આવે છે. ‘શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે સમજાતી નથી અને ભ્રમી જવાય છે. (વચ.ગ.પ્ર.૭) આવું થાય તેને શાસ્ત્રની તંતી નડી એમ કહેવાય. આ તંતીમાં ફસાયેલ વ્યક્તિ શાસ્ત્રમાંથી ન સમજવાનું સમજે. આ બૌદ્ધિક વિભ્રાંતિમાં અર્જુન ફસાયા. (૬) ભગવાન શ્રીકૃષ્ણની અર્જુનને વિભ્રાંતિમાંથી બહાર કાઢવાની ઈચ્છા - શાસ્ત્રની તંતીથી છોડાવવાની ઈચ્છા - યોગ્ય પદ્ધતિ પ્રમાણે શાસ્ત્ર શબ્દોમાં તાત્પર્યને અર્જુન સમજે તે ભગવાન શ્રીકૃષ્ણને મન અતિ આવશ્યક - આ યોગ્ય પદ્ધતિ એટલે અનુભવી અને શ્રોત્રિય ગુરુએ દર્શાવેલ દૃષ્ટિકોણ દ્વારા જ શાસ્ત્રના શબ્દોને સમજવા - અર્જુન માટે શ્રીકૃષ્ણ ભગવાન પોતે જ ગુરુ - આ સ્વરૂપમાં જ જોડાઈને અર્જુને સમાધિનિષ્ઠ યોગી થવાનું હતું. આથી પાર્થની બુદ્ધિને તેમણે શાસ્ત્રાર્થભ્રાંત બુદ્ધિ કહીને ટકોર કરી છે. ગમે તે વાંચવું નહી અને ગમે તેમ વાંચવું નહીં એ મર્મ જણાવ્યો છે. ખરેખર નજર સમક્ષ રાખવા જેવો આ ઈતિહાસ - શબ્દ અને બુદ્ધિની નિકટતાનો ખ્યાલ - શબ્દો વિચારોને કેટલી હદે પ્રભાવિત કરી શકે છે તે સમજાય છે. બોલનો તોલ કરવાનો ઉપદેશની પ્રાપ્તિ - તેથી જ શ્રીજીમહારાજના શબ્દો સાંભળવાની બાબતમાં ચેતવણી ‘‘આવી ભગવતસ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. વચ.ગ.મ. ૧૩ આ રીતે બૌદ્ધિક નિશ્ચલતાને યોગપ્રાપ્તિની પૂર્વભૂમિકા રૂપે રજૂ કરવામાં આવી છે. - ઉપસંહાર.

❑ ❑ ❑